| | |
|---|---|
| દાખલ તારીખ:- | ૦૨/૦૯/૨૦૨૪ |
| રજીસ્ટ્રેશન તારીખ:- | ૦૨/૦૯/૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૨૩ /૦૪ /૨૦૨૬ |
| સમયગાળો:- | વર્ષ માસ દિવસ<br>**૦૧ ૦૭ ૨૧** |

**મે. મહેસાનાના એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રીની કોર્ટમાં,**
**મુ. વિસનગર**

**ક્રિમીનલ અપીલ નંબર :- ૧૯૮/૨૦૨૪**
**આંક:- ૧૭**

**એપેલેન્ટ :-** **ભીખુમીયા રાજુમીયા ઓડ મુસલમાન,**
ઉ.વ. ૫૦ , ધંધો- મજૂરી,
રહે. દાસજ,
તા. ઉંઝા, જી.મહેસાણા.

**<u>વિરુધ્ધ</u>**

**રીસ્પોડેન્ટ :-** ૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબત :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ અધિનિયમ અન્વયે ૪૧૫ મુજબ અપીલ અરજ ...

---

એપેલેન્ટ તરફે વિધ્વાન વકીલશ્રી :- એમ.એસ.મેમણ.
રીસ્પોડેન્ટ ધી સ્ટેટ ઓફ ગુજરાત તરફે વિ. એડી.પી.પી.શ્રી :- આર.બી.દરજી.

---

**<u>ઠરાવ</u>**

(૧).. ઉંઝાના વિધ્વાન એડી.ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટનાઓએ ફોજદારી કેસ નંબર- ૫૪૮/૧૯૯૫ના કામે એપેલેન્ટ/આરોપી નં-૧ને દોષિત ઠરાવી ઈ.પી.કો.કલમ-૩૨૬, ૩૨૩ તથા ૫૦૪ મુજબ ગુનામાં તકસીરવાન ઠરાવી

ઇ.પી.કોડની કલમ-૩૨૬ મુજબના ગુના માટે ત્રણ વર્ષની સાદી કેદ અને રૂપિયા ૫,૦૦૦/- દંડ. જો દંડની રકમ ભરવામાં ન આવે તો વધુ છ માસની સાદી કેદની સજા તેમજ ઇ.પી.કોડની કલમ-૩૨૩ના ગુના માટે છ માસની સાદી કેદ અને રૂા.૫,૦૦૦/-નો દંડ. જો દંડની રકમ ભરવામાં ન આવે તો વધુ એક માસની સાદી કેદની સજા.તેમજ ઇ.પી.કોડની કલમ-૫૦૪ મુજબના ગુના માટે એક વર્ષની સાદી કેદની સજા અને રૂા.૫૦૦૦/-નો દંડ. અને દંડની રકમ ભરવામાં ન આવે તો વધુ છ માસની સજા ભોગવવાનો હુકમ તેમજ આ તમામ સજા એકી સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે. તે હુકમથી નારાજ થઈ એપેલેન્ટ/આરોપી નં-૧ એ બી.એન.એસ.એસ. ની કલમ -૪૧૫ અન્વયે પ્રસ્તુત અપીલ દાખલ કરેલ છે.

(૨).. વિવાદીઓએ પ્રસ્તુત અપીલ મુખ્યત્વે એવા કારણસર દાખલ કરેલ છે કે, વિદ્વાન ટ્રાયલ કોર્ટે સજાનો જે હુકમ કરેલ છે તે હુકમ ખોટો, ગેરકાયદેસરનો અને અયોગ્ય હોઈ રદ થવાને પાત્ર છે. વિદ્વાન ટ્રાયલ કોર્ટે એકમાત્ર શ્રી સરકારની રજુઆત માનીને સજાનો હુકમ કરેલો છે. અરજદાર તરફે જે બચાવ લેવામાં આવેલ છે તેને વિદ્વાન ટ્રાયલ કોર્ટે ધ્યાનમાં લીધેલ નથી. ફરીયાદીની જુબાની દરમ્યાન સરતપાસની હકીકતો અને ફરીયાદની હકીકતનોમાં વિરોધાભાસ આવે છે તે વિદ્વાન ટ્રાયલ કોર્ટે ધ્યાને લીધેલ નથી. આ કામના ફરીયાદીએ પોતાની ફરીયાદમાં ફરીયાદીનું નામ નહી જણાવેલ હોવા છતાં ખોટી રીતે આરોપીને નામ.કોર્ટમાં ઓળખી બતાવેલ છે. વધુમાં બનાવ જે જગ્યા પર બનેલો તે વખતે આજુબાજુના ઘણા લોકો ત્યા હાજર થઈ ગયેલા અને તેઓ લોકો સદરહુ બનાવ નજરે જોયેલ હોવા છતાં તેઓને સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નથી જયારે હીત ધરાવનાર વ્યકિતઓને આ કામમાં સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ છે. વધુમાં આ કામે ટ્રાયલ કોર્ટે માત્ર અનુમાન કરેલ છે. બનાવમાં મેડીકલ ઓફીસરને તપાસેલ નથી. તેમજ નજરે જોયેલ સાહેદોને તપાસેલ નથી. વધુમાં આ કામનાં પંચ સાહેદોને પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશં

કપણે સાબિત કરી શકેલ ન હોઈ, જેથી વિધ્વાન ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૩).. **ફરીયાદ પક્ષના કેસની ટૂંકી હકીકત:**

આ કામના આરોપીઓએ તા.૨૪-૦૬-૧૯૯૫ના કલાક ૧૩-૦૦ વાગ્યાના સુમારે મોજે રણછોડપુરા ગામની સીમમાં આ કામના ફરીયાદી પોતાના ખેતરમાં ચાર લેતા હતા. આ વખતે આ કામના આરોપીઓએ પોતાના ઘેટાં બકરા લઈ આવી ફરીયાદીના ખેતરમાં મુકી ભરવાડ કરાવતા હોઈ ફરીયાદીએ ભજવાડ નહી કરવા અને ઘેટાં બકરા લઈ જતા રહેવા કહેતા આરોપીઓ ઉશ્કેરાઇ જઇ આરોપી નં-૨, ૩નાએ ફરીયાદીને ગાળો બોલી તથા આરોપી નં-૧નાએ તેના હાથમાનું ધારીયું ફરીયાદીને માથામાં મારી તેમજ બીજો ઘા મારવા જતા ડાબા હાથે ઈજા કરી તેમજ આરોપી નં-૨,૩નાઓએ આડેધડ લાકડીઓથી મારી મારી ઈજાઓકરી એકબીજાને ગુનો કરવામાં મદદગારી કરી ભજવાડ કરી મે.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણાનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા વિગેરે બાબતની ફરીયાદ, ફરીયાદીએ ઉંઝા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં સદર ગુનામાં દોષિત ઠરાવેલ છે. જે હુકમથી નારાજ થઈ અરજદાર/આરોપીએ હાલની અપીલ દાખલ કરેલ છે.

(૪).. હાલની અપીલના ચાલતા કામે આ કામના મૂળ ફરીયાદી અને એપેલેન્ટ/આરોપી નં-૦૧ અપીલ કોર્ટ સમક્ષ હાજર થઇ આંક-૧૨થી તેઓના વચ્ચે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે જેથી આંક-૧૨થી સમાધાન કરવાની પરવાનગી માંગતા અરજી રજૂ થતા જે અરજી મંજુર કરવામાં આવે છે અને ત્યારબાદ પક્ષકારો આંક-૧૩થી ઇ.પી.કોડની કલમ -૩૨૩ તથા ૫૦૪ મુજબના તહોમત પુરતું આંક-૧૩થી સમાધાન અરજી રજુ કરતાં જે સમાધાન નોંધણી એપેલેન્ટ/આરોપી નં-૦૧ને ક્રિ.પ્રો.કોડની કલમ-૩૨૦(૨)(૮) અન્વયે ઇ.પી.કોડની કલમ-૩૨૩ તથા ૫૦૪ મુજબના તહોમતમાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરતાં તેટલા પુરતુ ટ્રાયલ કોર્ટમાં હુકમ સેટેસાઇટ કરવામાં આવેલ છે જયારે એપેલેન્ટ/આરોપી નં-૦૧ સામે ઇ.પી.કોડની

કલમ–૩૨૬માં ફરમાવેલ સજા પુરતી હાલની અપીલ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૫).. બંને તરફેની રજુઆત, ટ્રાયલ કોર્ટનો ચુકાદો ધ્યાનમાં લેતા, પ્રસ્તુત અપીલના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: <u>મુદદા</u> ::**

૧. શું અરજદાર/આરોપી અત્રેની અપીલ અદાલતને એવુ બતાવી શકે છે કે ઉંઝાના વિધ્વાન એડી.ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટના ઓએ ફોજદારી કેસ નંબર–૫૪૮/૧૯૯૫ના કામે તારીખ– ૨૩–૦૮–૨૦૨૪ રોજ અરજદાર/આરોપીને ઇ.પી.કોડની કલમ–૩૨૬ મુજબના ગુના માટે દોષિત ઠરાવતો જે હુકમ કરેલ છે તે હુકમ અયોગ્ય, અનુચિત, ગેરવ્યાજબી અને ગેરકાયદેસરનો હોઈ તે રદ થવાને પાત્ર છે?

૨. શું હુકમ?

**( ૬ ).. ઉપરોકત મુદદાઓ પરત્વેના તારણો નીચે મુજબ છે.**

**મુદદા નંબર ૦૧ – હકારમાં**

**મુદદા નંબર ૦૨– આખરી હુકમ મુજબ.**

**( ૭ ).. ઉપરોકત તારણો પરત્વેના કારણો નીચે મુજબ છે.**

(૭.૧).. એપેલેન્ટ/આરોપી નં–૧ તરફે વિધ્વાન વકીલશ્રી એમ.એસ.મેમણને સાંભળવામાં આવેલ છે જેઓએ પોતાની દલીલમાં અપીલ મેમોની હકીકતોનું પુનરાર્વતન કરેલ છે. જયારે વિશેષમાં એવું જણાવેલ છેકે હાલના કેસમાં બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય જેથી નામ.અપીલ કોર્ટે એપેલેન્ટ/આરોપી નં–૦૧ને ઇ.પી.કોડની કલમ–૩૨૩ તથા ૫૦૪ના તહોમતમાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકેલ હોય જે હકીકતો ધ્યાને લઇ એપેલેન્ટ/આરોપી નં–૦૧ની અપીલ મંજુર થવા વિનંતી કરેલ છે.

(૭.૨).. સામાવાળા શ્રી સરકારને નોટીસ બજતા, શ્રી સરકાર તરફે વિધ્વાન એડી. પી.પી. શ્રી આર.બી. દરજીનાઓ હાજર થયેલ છે અને પોતાની મૌખિક દલીલોમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, જયારે વિધ્વાન ટ્રાયલ કોર્ટે સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી અને મૌખિક પુરાવાથી કેસ નિશંકપણે સાબિત થયેલ છે અને વિધ્વાન ટ્રાયલ કોર્ટે પોતાની સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓનું યોગ્ય અર્થઘટન કર્યા બાદ આરોપીને સજા કરતો જે હુકમ કરેલ છે તે હુકમ દરેક રીતે યોગ્ય અને ન્યાયી હોઈ તેમાં હસ્તક્ષેપને કોઈ અવકાશ ન હોઈ આરોપીની અપીલ રદ કરવા રજુઆત કરેલ છે.

<u>**પુરાવાનું પુન: મુલ્યાંકનઃ–**</u>

(૮).. બંને તરફેની રજુઆત તથા ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તથા જજમેન્ટ ધ્યાને લીધુ. હાલના એપેલેન્ટ/આરોપી નં–૦૧ સામે ફરીયાદીને ધાચીયું માથામાં મારી ઈજા કરવાનો આક્ષેપ છે. જે ગુના સબબ ટ્રાયલના અંતે વિધ્વાન ટ્રાયલ કોર્ટે અરજદાર/આરોપીને દોષિત માની સજા કરેલ છે.

(૯).. વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ નોંધાયેલા પુરાવાનું પૃથ્થકરણ તથા પુન:મૂલ્યાંકન કરીએ તો ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે ફરીયાદી ઉપરાંત બનાવમાં ફરીયાદી, સાહેદો, પંચ સાહેદો, મેડીકલ ઓફીસર અને પોલીસ સાહેદો મળીને કુલ–૦૬ સાક્ષી તપાસેલા છે, જયારે કુલ–૦૫ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધેલા છે.

(૧૦).. સૌપ્રથમ **ફરીયાદીને આંક–૨૭**થી સોગંદ પર તપાસેલા છે. જે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં એપેલેન્ટ/આરોપી નં–૦૧નું કોઈ નામ લખાવેલ નથી. જયારે ટ્રાયલ કોર્ટમાં એપેલેન્ટ/આરોપી નં–૦૧ને ઓળખી બતાવેલ છે. આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદીને હાજર રાખી કોઇ ઓળખ પરેડ કરાવેલ હોય તેવો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આંક–૩૯થી પંચ સાહેદ નારાયણભાઇ દ્ધારકાદાસ પટેલ નાઓએ પોતાની

ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ કુવા ઉપર તૈયાર પંચનામામાં સહી કરેલ છે. વધુમાં આંક–૪૨થી સાહેદ પીયુષકુમાર ખેમચંદભાઇ પટેલ નાઓએ પોતાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, એવુ બનેલ નથી કે ફરીયાદીના ખેતરમાં રબારીએ ભેલણ કરેલ.વધુમાં કબુલ રાખેલ છે કે,આ કામના ફરીયાદી બાબુભાઇ તેઓના ભાઈ થાય છે.વધુમાં આંક–૪૪થી તપાસાવમાં આવેલ પંચ સાહેદ મહોબતજી દીવાનજી ઠાકોર નાઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે કોઈ મેડીકલ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે તપાસકરનાર અમલદારને તપાસવામાં આવેલ નથી. ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુનો નિશંકપણે પુરવાર કરવો જોઈએ. હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફે એપેલેન્ટ/આરોપી નં–૦૧ સામે જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે પુરાવો એપેલેન્ટ/આરોપી નં–૦૧ એ હાલનો ગુનો કરેલ છે કે કેમ તે બાબતે શંકા ઉપસ્થિત કરતો હોઈ, જેથી શંકાનો લાભ અવશ્યપણે એપેલેન્ટ/આરોપી નં–૦૧ ને મળવો જોઈએ. વધુમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકારહીત અને નકકર પુરાવાથી સાબિત કરવો પડે. કોઈપણ વ્યકિત વિરુધ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ તે શંકા કયારેય પુરાવાનું સ્થાન લઈ શકે નહી. શંકા આધારે કોઈ વ્યકિતને દોષિત માની શકાય નહી. હાથ પરના કેસમાં પણ ફરીયાદપક્ષ આરોપીની બનાવમાં સંડોવણી અને આરોપીની ગુના સ્થળે હાજરી પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદીને જે ઈજા થયેલ છે તે બાબતે ડોકટરને તપાસવામાં આવેલ નથી. જેથી ફરીયાદીને ઈજા હાલના એપેલેન્ટ/આરોપી નં–૦૧ ધ્વારા જ પહોચાડવામાં આવેલ છે તે હકીકત પણ ફરીયાદપક્ષ નિશં કપણે પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા અને સંજોગો જોતા **મુદદા નંબર–૦૧ નો જવાબ સ્પષ્ટ પણે 'હકાર' માં** ઠરાવુ છુ અને **મુદદા નંબર– ૦૨** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરુ છુ.

## –: હુકમ :–

૧. આથી ક્રિમીનલ અપીલ નંબર– ૧૯૮/૨૦૨૪ '**મંજુર**' કરવામા આવે છે.

૨. વિધ્વાન ટ્રાયલ કોર્ટે ઉંઝા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજી. નંબર – ૧૩૯/૧૯૯૫ના કામે ફોજદારી કેસ નંબર– ૫૪૮ / ૧૯૯૫ માં તા.૨૩–૦૮–૨૦૦૨૪ના રોજ આંક–૧૦૯ ના હુકમથી હાલના એપેલેન્ટ/આરોપી નં–૦૧ ભીખુમીયા રાજુમીયા ઓળ મુસલમાન ને ઇ.પી.કોડની કલમ–૩૨૬ મુજબના ગુનામાં દોષિત ઠરાવી સજા તથા દંડ ફરમાવતો જે હુકમ કરેલ છે તે હુકમ આથી રદ કરવામાં આવે છે અને એપેલેન્ટ/આરોપી નં–૦૧ ને શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૩. એપેલેન્ટ/આરોપી નં–૦૧ એ દંડની રકમ જો ભરેલી હોય તો તે અપીલ સમય વિત્યાથી નિયમ મુજબ તેઓને પરત કરવી.

૪. એપેલેન્ટ/આરોપી નં–૦૧ એ અપીલ થવાના પ્રસંગે અપીલ પીરીયડ સુધીના રૂપીયા–૧૦,૦૦૦/–ના જાત જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

૫. હુકમની એક નકલ સાથે ફોજદારી કેસ નંબર– ૫૪૮ / ૧૯૯૫નું અસલ રેકર્ડ વિધ્વાન ટ્રાયલ કોર્ટ તરફ સત્વરે મોકલી આપવુ.

હુકમ આજ તારીખ– ૨૩ મી માહે એપ્રિલ, ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૨૩ / ૦૪ / ૨૦૨૬

સ્થળ–વિસનગર

**(નાસીર સૈયદુલ્લા સિદ્દીકી)**
**Code No. GJ-00650**
એડીશ્નલ ડીસ્ટ્રીકટ અને સેસન્સ
જજ, મહેસાણા, મુ. વિસનગર

પી.એસ.,શીતલ એ.જોષી.